ગાંધીનગર સમાચાર
તા. ૩-૨-૨૦૧૨, રવિવાર

તંત્રી સ્થાનેથી.....

પીડિતાનું બલિદાન એળે ન જવું જોઈએ

જસ્ટિસ વર્મા સમિતિએ નિર્ધારિત સમય મર્યાદા પહેલાં જ સ્ત્રીઓ ઉપર થનારા અત્યાચારો માટે કરાતી સજા અંગે સુધારા સૂચવતો અહેવાલ રજૂ કરી દીધો એ પછી મંત્રીમંડળે તાકીદની બેઠક બોલાવી કાયદામાં સુધારો કરતો વટહુકમ જાહેર કરીને પ્રજાની માગણી સંતોષવાની આવકારદાયક ચેષ્ટા કરી છે. નવા કાયદામાં મહિલાઓ સામે ટીકી ટીકીને જોવું, એમની પાછળ પાછળ પીછો કરતા ચાલવું, કપડાં ઉતારવાં વગેરે બાબતો ઉપરાંત માનવ તસ્કરીનો પણ જાતીય અપરાધોની યાદીમાં સમાવેશ કરાયો છે. અનેક સામાજિક સંગઠનો દિલ્હીના બહુચર્ચિત સામૂહિક બળાત્કાર કાંડ પછી આવાં દુષ્કર્મો મુદ્દે કડક કાયદાની હિમાયત કરતાં મેદાનમાં આવી ગયાં હતાં અને વિવિધ પક્ષોના અગ્રગણ્ય રાજકીય આગેવાનો પણ દુષ્કર્મની સજા વધારી ફાંસીની સજાની હિમાયત કરી હતી. જસ્ટિસ વર્માની આગેવાની હેઠળની સમિતિએ આ બધી રજૂઆતોને ધ્યાને લઈ એની ભલામણો સહિત કાયદો સુધારવા બાબતે ત્રેવીસમી જાન્યુઆરીએ રિપોર્ટ રજૂ કરી દીધો હતો.

કેન્દ્ર સરકારે આ ભલામણોના આધારે વટહુકમ લાવવાનો નિર્ણય કર્યો તે આવકારદાયક છે. રાષ્ટ્રપતિની સહી થતાંની સાથે આ વટહુકમ કાયદાનું સ્વરૂપ ધારણ કરશે. એથી મહિલાઓ સામેના અપરાધો ઘટશે કારણ કે નવા કાયદામાં આવા દુષ્કર્મ બદલ વીસ વર્ષથી લઈ આજીવન કેદ સુધીની જોગવાઈ છે અને પીડિતાના મૃત્યુમાં પરિણમતા જઘન્ય દુષ્કર્મ બદલ ફાંસીની સજાની જોગવાઈ કરવામાં આવી છે.

દિલ્હી ગેંગરેપ પછી આખો દેશ હચમચી ઊઠ્યો હતો. વળી આ આંદોલન સ્વયંભૂ હતું. દિલ્હી સહિતનાં મહાનગરોમાં કડકડતી ઠંડીમાં લોકો રાતોની રાતો સુધી ખુલ્લી સડકો પર વિરોધ પ્રદર્શન કરતા રહ્યા હતા. જ્યારે પ્રજામાં આવી સ્વયંભૂ જાગૃતિ આવે છે ત્યારે જ સરકાર જાગતી હોય છે. કહો કે એને જાગવાની ફરજ પડે છે. ફાંસીની સજા કરતાં પણ વધુ રિબામણીવાળી સજા લેખે આવા ગુનેગારોને 'કેમિકલ કેસ્ટ્રેશન'-નપુસંક બનાવી દેવા સુધીની ભલામણો પ્રજાનાં વિવિધ વર્તુળો અને સંગઠનોમાંથી આવી હતી. પરંતુ ન્યાયપાલિકાની ઉચ્ચતમ સજા ફાંસી જ હોઈ શકે, અને તે આપણી ન્યાય સંહિતામાં 'રેરેસ્ટ ઓફ રેટ' એટલે કે સૌથી જઘન્ય અપરાધ માટે જ આપવાની જોગવાઈ ઉપલબ્ધ છે. રાષ્ટ્રપતિની સહી થતાં જ આ વટહુકમ કાયદાનું સ્વરૂપ ધારણ કરશે અને અત્યાર લગી બળાત્કાર કેસમાં થતી વધુમાં વધુ સાત વર્ષની સજાની જગ્યાએ વીસ વર્ષ કે ગુનેગાર જીવે ત્યાં સુધીની કેદની સજા અને પીડિતાના મૃત્યુ સંદર્ભે ફાંસીની સજા થઈ શકશે. બાળ-કિશોર ગુનેગારો વિશેનો કાયદો પણ વહેલી તકે બદલવાની જરૂર છે. ફક્ત ઉંમરનો ફાયદો ઉઠાવીને દિલ્હી ગેંગ રેપનો સૌથી ભયંકર અપરાધી સસ્તામાં છૂટી જાય તે તો કાયદાતંત્રને જ લપડાક સમી ઘટના ગણાશે.

આશા રાખીએ કે નવો કાયદો સંસદમાં ચર્ચાય ત્યારે એમાં આ સુધારો પણ આમેજ કરાશે. દિવંગત કોડીલી કન્યાનું બલિદાન એળે ન જ જવું જોઈએ.

ગાંધીના જીવન વિષેની પરીક્ષામાં કોલવડાના વિદ્યાર્થીઓ ઝળક્યા

ગાંધીનગર, તા. ૨

મહાત્મા ગાંધીજીના જીવન આધારીત જિલ્લા તથા રાજ્યકક્ષાની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાકક્ષાએ દિવ્યાબા પંકજસિંહ વાઘેલા, સોનિકા લાલાભાઈ પંચાલ પ્રથમ, કોમલ વિષ્ણુભાઈ પટેલ દ્વિતીય નંબર મેળવેલ છે. વાઘેલા રાજવીરસિંહ અશોકસિંહ ગુજરાત રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાન મેળવી ગૌરવ વધાર્યું છે. શાળા પરિવાર તથા આચાર્ય શ્રીમતી ભાવનાબેન વાઘેલા, શ્રીમતી નિરૂબેન શ્રીમાળીએ અભિનંદન પાઠવ્યા છે.

આદર્શ નિવાસી શાળા અ.જા. કન્યાએ નેશનલ કક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા. ૨

સ્કુલગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા સ્કુલ ગેમ્સ ફૂટબોલ અંડર ગર્લ્સ-૧૭ની સ્પર્ધા પુના ખાતે યોજાયેલ છે. જેમાં આદર્શ નિવાસી શાળા અનુસૂચિત જાતિ કન્યા સ્કૂલની કુ. વૈશાલીબેન શીવાભાઈ સોયા ગુજરાત રાજ્યની ફૂટબોલ ટીમમાં પસંદગી થતાં નેશનલ ફૂટબોલ સ્પર્ધામાં સારો દેખાવ બદલ શાળાના આચાર્ય શ્રી કુસુમબેન ચૌહાણ તથા કોચ શ્રીમતી હિમાંશુબેન ચૌહાણ શ્રી આર.જી. ડામોરે અભિનંદન પાઠવ્યા હતા.

વિકસતી જાતિ આદર્શ નિવાસી શાળાનું ગૌરવ

ખેલ મહાકુંભ-૨૦૧૨માં આદર્શનિવાસી શાળા વિકસતી જાતિ કુમાર ગાંધી નગરના વિદ્યાર્થીઓએ લાંબીકૂદ, ઊંચીકૂદ, ગોળાફેંકમાં ઝોન કક્ષાએ પ્રથમ નંબર મેળવી મહાનગર કક્ષાએ ગોળાફેંકમાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે. જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર ગોળા ફેંકમાં ગોહિલ ભરતભાઈ ઝોનકક્ષાએ ઊંચીકૂદમાં પ્રથમ, શ્રી જયેશભાઈ કોણિયા, લાંબીકૂદમાં પ્રથમ, શ્રી જીતુભાઈ શેખ આવેલ છે. શ્રી શાળા પરિવારે અભિનંદન પાઠવે છે.

ગુજરાત યુનિવર્સિટીની ૧૭૦ કોલેજોમાં લાયબ્રેરીયન જ નથી

૧૯૯૭ પછી એકપણ લાયબ્રેરીની ભરતી કરવામાં આવી નથી

અમદાવાદ,તા. ૨

ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ ૩૭૦ કોલેજો પૈકી ૧૭૦ કોલેજોમાં લાયબ્રેરીયન જ નથી. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા દરેક યુનિવર્સિટી સાથે સંકળાયેલી આર્ટ્સ, કોમર્સ, સાયન્સ વગેરે કોલેજોમાં લાયબ્રેરીયન માટે અલગથી ગ્રાન્ટ આપવામાં આવે છે. આ ગ્રાન્ટમાંથી વિદ્યાર્થીઓને ઉપયોગી લગતા વિવિધ પુસ્તકો ખરીદવાના હોય છે અને દરેક કોલેજોએ લાયબ્રેરીના સંચાલન માટે એક લાયબ્રેરીયનની નિમણુંક ફરજિયાત કરવાની હોય છે. છતાં ૧૭૦ જેટલી કોલેજોમાં લાયબ્રેરીયન જ નથી.

હાલ ગુજરાતની ૩૭૦ જેટલી કોલેજો પૈકી અકસ્માતને કારણે અથવા નિવૃત્તિને કારણે ૧૦૦ જેટલી કોલેજોમાં લાયબ્રેરી જ નથી. જેથી આ કોલેજોમાં લાયબ્રેરી હોવા છતાં બંધ જેવી પરિસ્થિતિ છે. ગુજરાત સરકારે ૧૯૯૭ પછી એક પણ કોલેજમાં લાયબ્રેરીયન ભરવાની મંજુરી આપી નથી. જેના કારણે આ તમામ લાયબ્રેરી બંધ થઈ ગઈ હોય તેવી છે. આ કોલેજોમાં હાલ લાયબ્રેરીનું સંચાલન કોલેજોના કલાર્ક કે પટાવાળા દ્વારા કરવામાં આવી રહ્યું છે. જેનાથી વિદ્યાર્થીઓના અભ્યાસને લગતા યોગ્ય પુસ્તકો તથા અધ્યાપકોના રિસર્ચવર્ક માટેના પુસ્તકો મળતા નથી. ગુજરાત સરકાર દ્વારા એકબાજુ વાંચે ગુજરાતનો કાર્યક્રાળ ચલાવવામાં આવે છે ત્યારે બીજી બાજુ જે વાંચે તેવો વર્ગ જે વિદ્યાર્થીઓ છે.

ગુજરાત યુનિ.ના પ્રશ્નો અંગે ચૂડાસમા-અમીન વચ્ચે બેઠક

અમદાવાદ,તા. ૨

તાજેતરમાં કોંગ્રેસમાંથી બળવો કરીને ભાજપમાં જોડાયેલા નરહરી અમીન અને ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્ર ચૂડાસમા વચ્ચે એક બેઠક યોજાઈ હતી. જેમાં શિક્ષણ જગતના વિવિધ પ્રશ્નો, અધ્યાપકો તથા વહીવટી કર્મચારીઓના પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી હતી. આ બેઠકમાં સિન્ડીકેટના સભ્યો, સેનેટ સભ્યો, અધ્યાપક મંડળ, સંચાલક મંડળ જેવા દરેક સભ્યોએ ઉપસ્થિત રહી રજૂઆત કરી હતી. ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્ર ચૂડાસમાએ તાજેતરમાં કોંગ્રેસમાંથી ભાજપમા જોડાયેલા નરહરી અમીનના નિવાસસ્થાને ગઈકાલે બપોરે બેઠક યોજી હતી. આ બેઠકમાં લગભગ બે કલાક જેટલી લાંબી ચાલી હતી. જેમાં સિન્ડીકેટ સભ્યો, સેનેટ સભ્યો, સંચાલક મંડળના સભ્યો, અધ્યાપક મંડળના સભ્યો વગેરે ઉપસ્થિત રહીને પોતાના પ્રશ્નોની રજુઆત કરી હતી. વર્ષોથી ગુજરાત યુનિવર્સિટી શિક્ષણ ક્ષેત્રે જબરજસ્ત વર્ચસ્વ ધરાવતા નરહરી અમીનના નિવાસસ્થાને યોજાયેલી બેઠકમાં શિક્ષણ મંત્રી સાથે અલગ અલગ મુદ્દે ચર્ચા વિચારણાકરીને પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી.

પેથાપુરના ભૂપત ઠાકોરની રાજ્ય હેન્ડબોલ સ્પર્ધામાં પસંદગી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામના ભૂપત ગાંડાજી ઠાકોરે તાજેતરમાં ખેલમહાકુંભની હેન્ડબોલ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી રાજ્યકક્ષાની સ્પર્ધામાં પસંદગી મેળવી છે. ખેલમહાકુંભ અંતર્ગત જિલ્લાકક્ષાની હેન્ડબોલ સ્પર્ધા તાજેતરમાં શેરથા મુકામે યોજાઈ હતી. હેન્ડબોલ રમતના ૧૬ વર્ષથી ઉપરની ઉંમરના ખેલાડીઓની સ્પર્ધામાં પેથાપુર ગામના ભૂપત ગાંડાજી ઠાકોરે સુંદર દેખાવ કરી રાજ્યકક્ષાની સ્પર્ધામાં પસંદગી પ્રાપ્ત કરી છે. રાજ્યકક્ષા સુધી પહોંચનાર ભૂપત ઠાકોરને ગામના મહેશભાઈ, ભીખુસિંહ વાઘેલા, રણજીતસિંહ વાઘેલા, રામસિંહ વાઘેલા, દિલીપસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ વાઘેલાએ અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશન દ્વારા ચેસ ટુર્નામેન્ટ યોજાશે

રસ ધરાવતા સ્પર્ધકોએ ૮મી સુધી ફોર્મ રજીસ્ટર કરાવી દેવા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશનના પ્રમુખ એન. જે. સાતુનિયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તા. ૯ અને ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ જૂના સચિવાલય, કેન્ટીન, ગાંધીનગર ખાતે ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. રસ ધરાવતા ખેલાડીઓએ પ્રવેશ ફોર્મ ૮મી ફેબ્રુઆરી સુધી ભરીને આપવા જણાવાયું છે.

ચેસ ટુર્નામેન્ટ ઓપન અને અન્ડર- ૧૫ એમ બે વિભાગમાં યોજાશે. ટુર્નામેન્ટનો પ્રથમ રાઉન્ડ તા. ૯મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે શરૂ કરવામાં આવશે. ટુર્નામેન્ટના રાઉન્ડનો સમય બંને ખેલાડીઓને એક-એક કલાક આપવામાં આવશે. ગાંધીનગર જિલ્લા અંડર ૧૫ ટુર્નામેન્ટ તા. ૧૦મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ સવારે ૮.૩૦ કલાકે યોજાશે. ટુર્નામેન્ટના રાઉન્ડનો સમય બંને ખેલાડીઓને અડધો-અડધો કલાક આપવામાં આવશે.

ચેસ ટુર્નામેન્ટમાં રસ ધરાવતા ખેલાડીઓએ પ્રવેશ મેળવવા માટે નિયત પ્રવેશ ફોર્મ www.gjca2010 wordpress.comઉપરથી ડાઉન લોડ કરીને તા. ૮ ફેબ્રુઆરી સુધીમાં પોતાની એન્ટ્રી રજીસ્ટર્ડ કરાવી લેવી. આ અંગેની વધુ વિગતો એન. જે. સાતુનિયાના મો. નં. ૯૮૭૯૮ ૧૫૨૦૪ પર સંપર્ક કરવાથી મળી શકશે.

જ્યોતીષી ભલે તમારી રાશી આ અઠવાડીયે બહુ ખર્ચ થશે તેમ લખે છે... પણ મુંઝાશો નહીં... આ મહિનાનો પગાર પુરો થઈ ગયો છે...!

સ્વામી વિવેકાનંદનું જીવન અને સંદેશ વિષય પર પ્રવચન યોજાયું

ગાંધીનગર, તા.૨

નિરમા યુનિવર્સિટીના ઓરિએન્ટેશન પ્રોગ્રામ અંતર્ગત ઈન્સ્ટીટ્યુટ ઑફ ડિપ્લોમા સ્ટડીઝના વિદ્યાર્થીઓ માટે 'સ્વામી વિવેકાનંદનું જીવન એને તેમના તેમનો સંદેશ' એ વિષય પર પ્રવચનનો એક કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો.

રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્ર ગાંધીનગરના અધ્યક્ષ રજનીકાન્ત ભટ્ટે સ્વામીજીના પ્રેરણાદાયી જીવનની વિષદ્ છણાવટ કરતું વ્યાખ્યાન આપ્યું હતું. સ્વામીજીના ભારત પરિભ્રમણ દ્વારા તેમનામાં જાગેલો દેશપ્રેમ અને તેની ઉત્કટતાના ઉદાહરણો આપીને યુવાનોને તેમના જીવનમાંથી પ્રેરણા લેવા વિદ્યાર્થીઓને શીખામણ આપી હતી તથા નિર્ભયતા, આત્મવિશ્વાસ, નિઃસ્વાર્થતા, આત્મસંયમ અને સ્વદેશ પ્રેમની વિગતે ચર્ચા કરીને વિદ્યાર્થીઓને સ્વામીના સંદેશને ઝીલવા અને ભારતને વિશ્વની મહાસત્તા બનાવવા માટે કામે લાગવા યુવાનોને હાકલ કરી હતી અને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી હતી.

સ્વામી વિવેકાનંદનું જીવન અને સંદેશ વિષય પર પ્રવચન યોજાયું

ગાંધીનગર, તા.૨

નિરમા યુનિવર્સિટીના ઓરિએન્ટેશન પ્રોગ્રામ અંતર્ગત ઈન્સ્ટીટ્યુટ ઑફ ડિપ્લોમા સ્ટડીઝના વિદ્યાર્થીઓ માટે 'સ્વામી વિવેકાનંદનું જીવન એને તેમના તેમનો સંદેશ' એ વિષય પર પ્રવચનનો એક કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો.

રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્ર ગાંધીનગરના અધ્યક્ષ રજનીકાન્ત ભટ્ટે સ્વામીજીના પ્રેરણાદાયી જીવનની વિષદ્ છણાવટ કરતું વ્યાખ્યાન આપ્યું હતું. સ્વામીજીના ભારત પરિભ્રમણ દ્વારા તેમનામાં જાગેલો દેશપ્રેમ અને તેની ઉત્કટતાના ઉદાહરણો આપીને યુવાનોને તેમના જીવનમાંથી પ્રેરણા લેવા વિદ્યાર્થીઓને શીખામણ આપી હતી તથા નિર્ભયતા, આત્મવિશ્વાસ, નિઃસ્વાર્થતા, આત્મસંયમ અને સ્વદેશ પ્રેમની વિગતે ચર્ચા કરીને વિદ્યાર્થીઓને સ્વામીના સંદેશને ઝીલવા અને ભારતને વિશ્વની મહાસત્તા બનાવવા માટે કામે લાગવા યુવાનોને હાકલ કરી હતી અને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી હતી.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં વિવેકાનંદ જન્મજયંતી ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ૧૫૦મી સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ ઉજવવામાં આી હતી. તા. ૧૨મી જાન્યુઆરીથી ૩૧મી જાન્યુઆરી સુધી વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ, પોસ્ટર મેકીંગ, ચિત્ર, વિવેકાનંદના પ્રેરક પ્રસંગોનું વાંચન અને નાટ્ય સ્પર્ધા યોજાઈ હતી.

આચાર્ય શ્રી ઉર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ પ્રો. ડૉ. મીનાબેન વ્યાસ ડૉ. લીના સ્વાદિયા, પ્રા. ડૉ. રાકેશભાઈ પટેલ, પ્રા. પ્રતિમાબેન છનિયારા, પ્રા. ગીતાબેન ચૌધરીના સહયોગથી ઉજવણી કરવામાં આવી હતી. પ્રથમ ક્રમાંકે જામ રામીમ દ્વિતીય, બારોટ મોહિતી તૃતીય, પ્રજાપતિ કોલમ રહ્યા હતા. નિર્ણાયક તરીકે શ્રી પ્રા. મુન્નાબેન ચૌધરી, પ્રા. અભિષેક દરજીએ સેવા આપી હતી.

આઝાદીનો અંગાર..!! ઝવેરચંદ મેઘાણીનાં શૌર્યગીતોના લલકારે જોમ અને જુસ્સાથી સિંચાતા સત્યાગ્રહીઓ...!!

ગાંધી નિર્વાણ દિને શહીદોને મૌનંજલિ અને સ્વરાંજલિનાં કાર્યક્રમમાં વીર રસથી રૂંવાડા ઉભા કરતાં શૌર્ય, સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગાંધી ગીતોમાં મેઘાણી ગાંધીજીનું બેજોડ કોમ્બિનેશન આઝાદીનો રંગ લાવ્યો.

મહાત્મા ગાંધી નિર્વાણ દિન એટલે ૩૦મી જાન્યુઆરી શહીદ દિન પણ મનાવાય છે. અને બરાબર ૧૧ વાગ્યે આખો દેશ બે મિનિટ માટે મૌન થઈ શહીદોને અને ગાધીજને અંજલિ આપે છે. કેટલાંક બલિદાનો અને લડત બાદ આપણને આઝાદી નસીબ થયેલી છે. ગુજરાતનાં બબ્બે વિરલાઓ ગાંધીજી અને ઝવેરચંદ મેઘાણીનું કોમ્બિનેશન આ આઝાદીનો રંગ લાવ્યું છે. મહાત્મા ગાંધીએ જેમને 'રાષ્ટ્રીય શાયર'ના નામથી નવાજ્યાં હતાં એવાં ઝવેરચંદ મેઘાણીનાં શૌર્ય, સ્વાતંત્ર્ય-સંગ્રામ અને ગાંધી ગીતોનો રૂંવાડા ઉભા કરતો મસ્ત કાર્યક્રમ છેલ્લા ત્રણ વર્ષથી ૩૦મી જાન્યુઆરીએ મનાવવાની પરંપરા થઈ ગઈ છે.

આપણી યુવા પેઢી આઝાદીના બલિદાનો ભૂલી ના જાય એ માટે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સચિવ ડૉ. પ્રદિપકુમાર આઝાદ અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાના ચલાવતાં અને ઝવેરચંદ મેઘાણીનાં પૌત્ર પીનાકી મેઘાણીએ આ વિશિષ્ટ કાર્યક્રમ ઘડી કાઢ્યો છે. સતત ૩ વર્ષથી ગાંધીનગર ટાઉન હૉલ ખાતે આ મજાનો કાર્યક્રમ યોજાય છે. ટાઉન હોલનાં સ્ટેજ પર એક બાજુ ગાંધીજી અને બીજી તરફ ઝવેરચંદ મેઘાણી જેવાં રાષ્ટ્રભાવનાની ચેતના જગાવતાં કટ આઉટ વચ્ચે અભેસિંહ રાઠોડ અને મીના પટેલ એમનાં જ જબરદસ્ત ગીતો લલકારતાં હોય એટલે પ્રેક્ષકોનું લોહી દેશદાઝથી ઉછાળા મારવાં જ લાગે..

જાણીતા કૉમેડીયન ટી.વી. આર્ટીસ્ટ જીતેન્દ્ર ઠક્કરે કાર્યક્રમનો દોર સંભાળેલો માણેકબા કોલેજ અડાલજની વિદ્યાર્થીની તેજલ પટેલ કે જેણે ગાંધી નિર્વાણ દિન નિમિતે યોજાયેલી વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવેલો એણે 'જાગો નારી જાગો' પર સાંપ્રત સમસ્યાનો ચિતાર આપતી તેજ વાણીમાં વકતૃત્વ આપ્યું અને ત્યાર બાદ નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાના વિજેતાઓને ડૉ. આઝાદનાં હસ્તે ઈનામ વિતરણ કરાયું. પૂ.બાપુ અને ઝવેરચંદ મેઘાણીની પ્રતિમાઓને ડૉ. કેશુભાઈ દેસાઈ, દોલત ભટ્ટ, પિનાકી મેઘાણી, ડૉ. આઝાદ અને કુસુમબેન મેઘાણીનાં હસ્તે પુષ્પાંજલિ અર્પી. અભેસિંહ રાઠોડે 'વૈષ્ણવજન તો તેને રે કહીએ..' લલકાર્યું અને સાજિંદાઓએ રમઝટ બોલાવતાં ત્રિરંગાની લહેર ટાઉન હોલમાં વર્તાવા લાગી...

ગાંધીજીએ જેમને 'રાષ્ટ્ર શાયર'ની ઉપાધી આપેલી એવાં ઝવેરચંદ મેઘાણી જૈન કુળમાં જનમ્યા હોવા છતાં એમની શૌર્યતાં

રાજપૂતોની વિરતા જેવી હતી. રાષ્ટ્રીય શાયર, સમર્થ સાહિત્યકાર અને સ્વાતંત્ર્ય સેનાની મેઘાણીનાં સર્જનમાં દેશભક્તિનો રંગ વિશએષ જોવા મળે છે. એમનાં ગીતોમાં એવો વિર રસ છલકાતો કે માનવો આઝાદી માટે દોટ કાઢતાં. જોમ અને જુસ્સાથી ગવાંચા એમનાં ગીતો ગામે ગામ અને ઘરે ઘરે ગૂંજતાં થયેલાં. પ્રભાત ફએરી, સભાઓ, સરઘસો દ્વારા આ ગીતોએ દેશદાઝનો વ્યાપક પ્રચાર કરી નવયુવાનોનું લોગી ધગધગતું કરેલું અને એટલે જ કેટલાંય યુવાનોએ લાઠીઓ અને ગોળીઓ સામી છાતીએ ઝીલી શહીદી વહોરી લીધેલી.. તેમનાં આ ગીતો આઝાદીની લડતનું મુખ્ય શસ્ત્ર બની સામે આવેલું અને એટલે જ બ્રિટિશ સરકારે આમનું ગળું દબાવવાનો પ્રયત્ન કરેલો..!!!

રાષ્ટ્રવંદનાનાં આ કાર્યક્રમમાં વૈષ્ણવજન તો તેને રે કહીએ.. ઓતરાદા વાયરા ઉઠો ઉઠો, ઝંડાવંદન, તારા ઓ નામમાં સ્વતંત્રતા, વીરા મારાં પંચ રે સિંધુને સ્મશાન, રોપાણાં ત્રણ રૂખડાં હોજી (ભગતસિંહ, રાજગુરૂ, અને સુખદેવની ફાંસીની વેદનામાં રચાયેલું ગીત) મન મોર બની થનગાટ કરે (કવિવર રવિન્દ્રનાથ ટાગોરને અંજલિ) સૂના સમદરની પાળે, હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ, રકત ટપકતી સો સો ઝોળઈ સમરાંગણથી આવે, અમારે ઘર હતાં વ્હાલાં હતાં ભાંડુ હતાં, શિવાજીને નિંદરૂ ના આવે,માતા જીજીબાઈ ઝુલાવે (શિવાજીનું હાલરડું), છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો, બાપુ, ચારણ કન્યા, માતા તારો બેટડો આવે આશાહીન એકલો આવે, સો સો સલામુ મારાં ભોડુડાંને કે જો રે અને કસુંબીનો રંગ...

ઝવેરચંદ મેઘાણીનાં ગીતો, સ્વાતંત્ર્ય શૌર્યતાનાં ગીતો, ગાંધીજીનાં પ્રિય ગીતોને અભેસિંહ રાઠોડ અને મીના પટેલનો કંઠ મળ્યો એટલે ત્રણ-ત્રણ કલાક સુધી સૌનાં રૂવાંડાનો ગ્રાફ ઉપર નીચે થયાં જ કરે.. દરેક ગીતો વખતનાં વખાણ કરવાં બેસીએ તો આ લેખને ક્રમશઃ કરીને લંબાવવો પડે... પણ બે ગીતો માટેની છણાવટ કરવાનો મોહ જતો કરાય એમ જ નથી... રાજદ્રોહના આરોપસર જ્યારે ઝવેરચંદ મેઘાણી પકડાયા ત્યારે ૨૮ એપ્રિલ ૧૯૩૦માં ધંધુકા અદાલતમાં એમનાં પર કેસ ચાલ્યો અને એમની ઈચ્છા પૂછવામાં આવી ત્યારે ધંધુકાની ભરી અદાલતમાં મેજિસ્ટ્રેટ ઈસાણીની અનુમતિ મેળવીને એમણે 'હજારો વર્ષ મારી જૂની વેદનાઓ' ગીત વેદના સભર ગાતાં ત્યાં હાજર રહેલી હજારોની જનમેદની અને મેજીસ્ટ્રેટ સૌનો આંખો અશ્રુભિની થઈ હતી. અભેસિંહ રાઠોડે રજૂ કરેલી આ રચના કોર્ટના પરિસરમાં હિબકે ચઢેલા લોકોની યાદ તાજી કરાવી ગઈ.

ઝવેરચંદ મેઘાણીનું બીજું શૌર્યગીત એટલે ચારણ કન્યા આ ગીત દરેક યુવતીઓ સાંભળીને દિલમાં ઉતારી લેવાની જરૂર છે. ૧૪ વર્ષની ચારણ કન્યા જ્યારે જંગલનાં રાજાને મારીને ભગાડી શકે તો દિલ્હી જેવી ઘટના વખતે કન્યાઓ કેમ નબળી પડી શકે? આ ગીતને જીવનમાં ઉતારી લેવાય તો કોઈ નરાધમીની તાકાત નથી કે કન્યાને હાથ લગાડી શકે.. અમતો આ કાવ્ય પાઠ્યપુસ્તકમાં ભણેલા ત્યારનું પસંદ પણ કાર્યક્રમમાં જ્યારે સિધ્ધહસ્ત કલાકારને કંઠે લલકારાય ત્યારએ કાયમ માટે અવિસ્મરણીય સંભારણું જ બની જાય.. ઝવેરચંદ મેઘાણીનું આ શૌર્યગીત જ્યારે એમનાં પુત્રવધુ કુસુમબેન અને પૌત્ર પિનાકી મેઘાણીની હાજરીમાં જ ગવાય ત્યારે ઝવેરચંદ મેઘાણીને એથી વિશેષ કોઈ શ્રદ્ધાંજલિ હોઈ જ નશકે...!!!

ઝવેરચંદ મેઘાણી અને ભકતકવિ દૂલાભાય કાગ તુલસી શ્યામ પાસે આવેલા ખજૂરીના નેસ પાસે ગીરનાં જંગલમાં રોકાયેલા એ વખતે હિરબાઈ નામની ૧૪ વર્ષની ચારણ કન્યાએ એની વાછરડી પર હુમલો કરનારા જંગલનો રાજા સિંહને પોતાની ડાંગ ઘુમાવી ઝનુનભેર સિંહના ડાલા મથ્થા પર વિંઝી દીધી અને રોમ રોમમાં આગ પ્રગટેલી એ દિકરીનું રોદ્ર રૂપ અને આક્રોશથી સાવજ નો દો ગ્યારહં થઈ ગયો.. આ દૃશ્યના સાક્ષી બનેલા મેઘાણી તો રોમ રોમ હલબલી ગયાં. લીંબુનાં ફાડ જેવી એમની મોટી આંખો વધુ મોટી બની અને વઢવાણી મરચાં જેવી લાલાપશ પકડી લીધી. અને એમનાં અંતરમાંથી ઉદ્‌ભવી એક અદ્‌ભુત રચના એટલે 'ચારણ કન્યા કાવ્ય..' આજેય આ ચિર સ્મરણીય બનેલા કાવ્યની કોઈ જોડ નથી દરેક દરેક જીવનમાં એકાદ વાર વાંચવા કે સાંભળવાં જેવું છે, મેઘાણી માટે માન ઉપજ્યા વગર રહી જ ના શકે..

કાર્યક્રમ દરમ્યાન બરાબર ૧૧ વાગ્યે બે મિનિટનું મૌન પાળીને શહીદોને શ્રદ્ધાંજલિ અપાઈ. આજે આજ સમયે ગુજરાતનાં વિવિધ જિલ્લાઓમાં આજ પ્રકારનો કાર્યક્રમ યોજાયો છે એ પણ કાંઈ નાની ઘટનાં નથી.. આ કાર્યક્રમને યશસ્વી બનાવવાં માટે ડૉ. પ્રદિપ આઝાદ, જિતેન્દ્ર ઠક્કર અને પિનાકી મેઘાણીને ખોબલે ખોબલા ભરી શુભેચ્છાઓ... પ્રસંગ દિપાવવાં આવેલ શ્રેષ્ઠીઓમાં ડૉ. કેશુભાઈ દેસાઈ, દોલત ભટ્ટ, ભરત કવિ, જયરાજ સિંહ, આશઆબેન, કુસુમબેન, પીટીસી કૉલેજની કન્યાઓ, ચકાચક ભરેલો હોલ અને એમાં સ્વાતંત્ર્ય- ગાંધી ગીતોની રેલમછેલની ઘૂંટો જેમણે પીધો એ બડભાગી... અને હા ઝવેરચંદ મેઘાણીની અતિપ્રિય અને પ્રસિદ્ધ રચના 'હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ' સાંભળ્યા વગર પ્રેક્ષકોય ખુરશીમાંથી ઉભા ના થાય..

દેશપ્રેમની જાદુઈ અસર ધરાવતાં આ ગીતોની ધારદાર રજૂઆત અને ગાંધીજી- ઝવેરચંદ મેઘાણીનો સુંદર મિલાપ કરી શહીદ દિનની સવાર સુધારી મૌન દ્વારા શ્રદ્ધાંજલિ અર્પીને આપણી યુવાપેઢીને ૩૦ જાન્યુઆરી, મહાત્મા ગાંધી નિર્વાણ દિન અને શહીદ દિનની સ્મૃતિ સાચવવાનાં શ્રેષ્ઠ પ્રયાસને બિરદાવીએ એટલો ઓછો છે.

ઊઘડતે પડદે

- સંજય થોરાત